Health and Safety Executive

Gujarati

# તમારું આરોગ્ય, તમારી સુરક્ષાઃ કામદારો માટે માર્ગદર્શિકા

## Your health, your safety: A guide for workers

આ માહિતી હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝેક્યુટિવ (એચ.એસ.ઈ.) દ્વારા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ટી.યુ.સી.) સાથે મળીને પૂરી પાડવામાં આવી છે. એચ.એસ.ઈ. એક સરકારી સંસ્થા છે જે આરોગ્ય અને સુરક્ષાના કાયદાની અમલ બજાવણી કરીને અને સલાહ અને ટેકો પૂરો પાડીને કામદારો (વર્કરો)ના આરોગ્ય, સુરક્ષા અને હિતનું રક્ષણ કરવા માટે કામ કરે છે. ટી.યુ.સી. લગભગ 70 કરતાં વધારે ટ્રેડ યુનિયનોનું પ્રતિનિધિત્વ કરે છે, જેના 6.5 મિલિયન કરતાં વધારે સભ્યો છે. કામના સ્થળે ન્યાયીપણું અને યોગ્ય ધોરણો માટે તે ઝૂંબેશ કરે છે.

જો તમે કામદાર (એમ્પ્લોઈ) હો (ફૂલ કે પાર્ટ ટાઈમ, કામચલાઉ કે કાયમી), તો આ માહિતી સમજાવે છે કે તમારા અધિકારો કયા છે, તમારા એમ્પ્લોયર (માલિક) પાસેથી તમારે શું અપેક્ષા રાખવી જોઈએ, તમારી જવાબદારીઓ શું છે અને મદદ માટે ક્યાં જવું. તમે કામનો અનુભવ લઈ રહેલા યુવાન વ્યક્તિ, એપ્રેન્ટીસ, ચેરિટી વર્કર, મોબાઈલ વર્કર અથવા હોમવર્કર (ઘરેથી કામ કરનારાં) હો તો પણ તે તમને લાગુ પડે છે.

જો તમે કામચલાઉ, કેઝ્યુઅલ કે એજન્સીના કામદાર હો, તો તમે જે એમ્પ્લોયમેન્ટ બિઝનેસ/એજન્સી, ગેન્ગમાસ્ટર, કોન્ટ્રાક્ટર કે હાયરર માટે કામ કરતાં હો તેમની એ કાનૂની ફરજ બને છે કે અહીં જણાવેલા અધિકારો તમને મળે છે તેની તેઓ ખાતરી કરે.

**તમને આ અધિકાર છેઃ**

- એવા સ્થળે કામ કરવું કે જ્યાં તમારા આરોગ્ય અને સુરક્ષા ઉપર ઊભા થઈ શકતાં તમામ પ્રકારનાં જોખમોને યોગ્ય રીતે કાબૂમાં રાખવામાં આવેલાં હોય.
- જો તમને લાગે કે તમારી ઉપર જોખમ છે, તો કામ બંધ કરીને તે જગ્યાએથી નીકળી જવું.
- આરોગ્ય અને સુરક્ષા વિશેની બાબતો કે ચિંતાઓ વિશે તમારા એમ્પ્લોયરને જાણ કરવી.
- જો તમને હજુ પણ આરોગ્ય અને સુરક્ષા વિશે કોઈ ચિંતા હોય, તો એચ.એસ.ઈ. અથવા તમારી લોકલ ઓથોરિટીનો સંપર્ક કરવો અને કોઈ મુશ્કેલીમાં ન મૂકાવું.
- ટ્રેડ યુનિયનમાં જોડાવું અને સુરક્ષાની બાબતો માટેના પ્રતિનિધિ બનવું.
- જો તમે સુરક્ષાની બાબતો માટેના પ્રતિનિધિ હો તો તાલીમ લેવા જવા માટે કામેથી પગાર સાથેની રજા મેળવવી.
- જો તમે એક સાથે છ કલાક કરતાં વધારે સમય કામ કરતાં હો તો ઓછામાં ઓછી 20 મિનિટ માટેનો આરામનો સમય મેળવવો અને દર વર્ષે પગાર સાથેની રજાઓ મેળવવી.

**તમારેઃ**

- તમારા પોતાના અને તમે જે કામ કરતાં હો (કે ન કરતાં હો) તેના લીધે જેમને અસર થઈ શકતી હોય તેવાં બીજાં લોકોના આરોગ્ય અને સુરક્ષાનું ધ્યાન રાખવું જ જોઈએ.
- આરોગ્ય અને સુરક્ષાની બાબતો ઉપર બીજાં લોકોને સહકાર આપવો જ જોઈએ અને તમારા પોતાના આરોગ્ય, સુરક્ષા અને હિત માટે પૂરી પાડવામાં આવેલી કોઈ પણ વસ્તુની છેડછાડ ન જ કરવી જોઈએ કે તેનો દુરુપયોગ ન જ કરવો જોઈએ.

**તમારા એમ્પ્લોયરે તમને જણાવવું જ જોઈએઃ**

- હાલની કે પ્રાસ્તાવિક કામની પદ્ધતિઓથી તમારા આરોગ્ય અને સુરક્ષા ઉપર ઊભાં થતાં જોખમો વિશે.
- કોઈ બાબતો કે ફેરફારો, જેના લીધે તમારા આરોગ્ય અને સુરક્ષાને નુકસાન થઈ શકે કે અસર પહોંચી શકે.
- તમારું કામ સલામતીપૂર્વક કેવી રીતે કરવું.
- તમારા આરોગ્ય અને સુરક્ષાનું રક્ષણ કરવા માટે શું કરવામાં આવ્યું છે.
- પ્રાથમિક સારવાર કેવી રીતે મેળવવી.




- ઈમર્જન્સીમાં શું કરવું.

**તમારા એમ્પ્લોયરે નીચેની વસ્તુઓ મફત પૂરી પાડવી જ જોઈએઃ**

- તમારું કામ સલામતીપૂર્વક કરવા માટેની તાલીમ.
- જ્યારે જરૂર હોય ત્યારે કામના સ્થળે તમારા માટે રક્ષણ (જેમ કે કપડાં, જૂતાં કે બૂટ, આંખ અને કાનનાં સુરક્ષા આવરણો, હાથ મોજાં, મહોરાં વગેરે).
- તમારા કામને કારણે બીમારી થવાનું જોખમ હોય તો આરોગ્યની તપાસ.
- જો તમે રાત્રે કામ કરતાં હો તો નિયમિત આરોગ્ય તપાસ અને તમે કામ શરૂ કરો તે પહેલાં તપાસ.

(નોંધઃ જો તમે સાચેસાચ સ્વ-રોજગારી હો, તો તમે તમારી પોતાની પ્રાથમિક સારવારની ગોઠવણો કરવા માટે, તાલીમ, સુરક્ષા સાધનો અને આરોગ્ય તપાસ પૂરી પાડવા માટે અને તમારા પોતાના કામના સમયની ગોઠવણ કરવા માટે જવાબદાર છો.)

**તમારા એમ્પ્લોયરે તમને નીચેની માહિતી આપવી જ જોઈએઃ**

- *'હેલ્થ એન્ડ સેફ્ટી લૉઃ વ્હોટ યુ શુડ નો' - આરોગ્ય અને સુરક્ષાનો કાયદોઃ તમારે શું જાણવું જોઈએ. આમાં મદદ કરી શકે તેવાં લોકોનો સંપર્ક કરવા માટેની વિગતો આપેલી હોવી જોઈએ.*
- તેમનું આરોગ્ય અને સુરક્ષાની નીતિનું નિવેદન.
- તમારા કામના સ્થળે બધાંને દેખાય તેવી રીતે લગાવેલું છેલ્લામાં છેલ્લું એમ્પ્લોયર્સ લાયાબિલિટી (કમ્પલસરી ઈન્શ્યોરન્સ) સર્ટિફિકેટ.

**જો તમે તમારા આરોગ્ય અને સુરક્ષા વિશે ચિંતિત હો તો શું કરવુંઃ**

- સલાહ મેળવવા અથવા ફરિયાદ કરવા માટે એચ.એસ.ઈ.ની ઈન્ફોલાઈનને 08701 545500 ઉપર અથવા ટી.યુ.સી.ની 'નો યોર રાઈટ્સ' લાઈનને 0870 600 4882 ઉપર ફોન કરો.
- જો તમે કોઈની સાથે તમારી પોતાની ભાષામાં વાત કરવા માગતાં હો તો કૃપા કરીને 08701 545500 ઉપર ફોન કરો અને કઈ ભાષામાં વાત કરવા માગો છો તે ઓપરેટરને કહો.
- જો તમે આરોગ્ય અને સુરક્ષાની બાબતને કારણે તમારી નોકરી ગુમાવી હોય, તો તમે કદાચ એમ્પ્લોયમેન્ટ ટ્રાબ્યુનલમાં ફરિયાદ કરી શકો. સલાહ માટે તમારા ટ્રેડ યુનિયન અથવા સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોને પૂછો.




